# ગુજરાત જાહેર સેવા આયોગ

## જાહેર નોટીસ

ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા ગુજરાત વહીવટી સેવા, વર્ગ-૧, ગુજરાત મુલ્કી સેવા, વર્ગ-૧ અને ૨ અને ગુજરાત નગરપાલિકા મુખ્ય અધિકારી સેવા, વર્ગ-૨ (જા.ક્ર.૪૦/૨૦૧૮-૧૯) ની જગ્યાઓ પર ભરતી માટેનું આખરી પરિણામ તારીખ-૦૪/૦૭/૨૦૧૯ ના રોજ પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.

ઉપરોક્ત આખરી પરિણામમાં અસફળ થયેલા કેટલાક ઉમેદવારો દ્વારા પ્રાથમિક કસોટી, મુખ્ય પરીક્ષા અને રૂબરૂ મુલાકાતના પ્રવેશપત્રોમાં ચેડા (Tempering / Morphing) કરી સફળ ઉમેદવારોના બેઠક ક્રમાંક સામે પોતાનું નામ તથા અન્ય વિગતો દર્શાવી પોતે સફળ ઉમેદવાર હોવાનો દાવો કરે છે અને તેનો Social Media અને Print Media માં દુષ્પ્રચાર કરી રહ્યા છે. આ બાબત આયોગના ધ્યાન પર આવેલ છે. આયોગ ઉપરોક્ત બાબતને સખત શબ્દોમાં વખોડી કાઢે છે. આયોગ દ્વારા આ પ્રકારનો કુપ્રચાર કરનાર ઉમેદવારો કસુરવાર પુરવાર ઠર્યેથી તેઓ સામે પોલીસ ફરીયાદ / ફોજદારી કાર્યવાહી કરવામાં આવશે અને આયોગ દ્વારા યોજવામાં આવતા તમામ ભરતી પ્રસંગો માટે ગેરલાયક ઠેરવવા અંગેની કાર્યવાહી કરવામાં આવશે.

આયોગ દ્વારા તારીખ-૦૪/૦૭/૨૦૧૯ ના રોજ આયોગની વેબસાઈટ પર પ્રસિદ્ધ કરવામાં આવેલ પરિણામ આખરી છે.

તા.૧૨/૦૭/૨૦૧૯

Follow Us on: @GPSC_OFFICIAL https://gpsc.gujarat.gov.in Google Play GPSC (Official)